# <u>પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગે જરૂરી સૂચનાઓ.</u>

(૧) અરજીપત્રક ફોર્મ ફી રૂા.૫૦૦/– + બેન્ક ચાર્જીસ (ફી અંગે યુનિવર્સિટી વેબસાઈટ પર જણાવેલ સુચનો જોવા વિનંતી.) સૌ પ્રથમ ફી ભર્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

(૨) APPLICATION (ONLINE) FORM માં તથા HALL TICKET માં <u>તાજેતરનો જ ફોટો</u> અપલોડ કરવો. અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે જ નહી.

(૩) પરીક્ષા હોલમાં પ્રવેશ મેળવતાં ' HALL TICKET ' ની OFFICE COPY વાળી (પ્રમાણિત નકલ)અને <u>રૂા. ૫૦૦/– ફી ભર્યાની પહોંચની સ્વપ્રમાણિત નકલ જમા કરાવ્યા બાદ જ પ્રવેશ પરીક્ષામાં બેસી શકાશે.</u>

(૪) તાજેતરમાં અનુસ્નાતક ડીગ્રી (સેમેસ્ટર ૪)ની પરીક્ષા આપતાં વિદ્યાર્થીનું પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાનું પરિણામ આવી ગયું હશે પરંતુ કોઈ પણ કારણસર માસ્ટર ડીગ્રીનું પરિણામ (ગુણપત્રક)આવેલ નહીં હોયતો પ્રવેશપાત્રતા રહેશે નહી.

(૫) **VIVA પરીક્ષા માટે યુનિવર્સિટી વેબસાઈટ પર નામ આવે તો, તેમાં આપેલ તારીખ–સમયે <u>' HALL TICKET'</u> ની STUDENT COPY, વાળી(પ્રમાણિત નકલ) રૂબરૂ લાવવી. અન્યથા VIVA પરીક્ષામાં પ્રવેશ મળશે નહીં (NET/SET/JRF વાળા વિદ્યાર્થીએ રૂા.૫૦૦/– ફી ભર્યાની રસીદ પણ લાવવી.)**

(૬) પરીક્ષા તારીખ, બેઠક નંબર, પરિણામ, વાયવા પરીક્ષા બધી વિગતો– સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in પર મુકાશે. આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૭) M.Phil.(UGC Dce. 2009 ની ગાઈડ લાઈન અનુસાર પૂર્ણ કરેલ) NET, SET વાળા વિદ્યાર્થીઓને ENTRANCE EXAM માંથી મુકિત છે. **પણ વાયવા પરીક્ષા ફરજીયાત આપવાની રહેશે. વાયવા પરીક્ષાની વિગતો, યુનિવર્સિટી વેબસાઈટ પરથી જોવી. (** UGC – CSIR (JRF) **ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થી ઓનું સીધુ જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે.)**

(૮) **સાયન્સ,મેનેજમેન્ટ તથા કોમ્પ્યુટર સાયન્સ ફેકલ્ટીના વિષયોનાં પેપરનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવશે. જયારે બાકીના વિષયનું માધ્યમ ગુજરાતી રહેશે. હિન્દી ભાષા માટે હિન્દી માધ્યમ રહશે અને અંગ્રેજી વિષય માટે અંગ્રેજી માધ્યમ રહેશે.**

(૯) પરીક્ષાખંડ પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલા ખોલવામાં આવશે.

(૧૦) કોઈપણ ઉમેદવારને પરીક્ષા શરૂ થવાનાં ૧૫ મિનિટ પછી પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહિ. તથા કોઈપણ ઉમેદવાર પરીક્ષા શરૂ થયાનાં પ્રથમ અડધા કલાક સુધી પરીક્ષા ખંડની બહાર જવા દેવામાં આવશે નહિ.

(૧૧) પરીક્ષા શરૂ થવાના ૧૦ મિનિટ પહેલા દરેક ઉમેદવારે પોતાના બેઠક નંબર પર બેસી જવાનું રહેશે.

(૧૨) કોઈપણ ઉમેદવારને નિયત સમય સિવાય પ્રશ્નપત્ર ખોલવાનું રહેશે નહિ. જવાબ લખવાના શરૂ કર્યા પહેલા ઉમેદવારે પોતાનો બેઠક નંબર પ્રશ્નપત્ર ઉપર લખવાનો રહેશે.

(૧૩) કોઈપણ ઉમેદવારે જવાબવહી અને પ્રશ્નપત્ર ઉપર કોઈપણ પ્રકારનું ચિહન કે નિશાની કરવા નહી. કોઈપણ ઉમેદવાર આવું કરતાં ધ્યાન પર આવશે તો તે તેને પરીક્ષામાંથી ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવશે.

(૧૪) **દરેક ઉમેદવારે ફરજીયાત પણે કાળી બોલપેન લાવવાની રહેશે.** કોઈપણ ઉમેદવારે પરીક્ષાખંડમાં બેગ, મોબાઈલ, પેનડ્રાઈવ, બ્લુટુથ ડિવાઈસ, ઈઅર ફોન– હેડફોન, કેલકયુલેટર, ટેબલેટ વગેરે લઈ પ્રવેશ કરવો નહિ.

(૧૫) અંધ ઉમેદવાર સિવાય કોઈપણ ઉમેદવારને જે પેપરમાં જેટલો સમય ફાળવવામાં આવ્યો છે. એનાથી વધારોનો સમય મળશે નહિ.

(૧૬) દરેક ઉમેદવારે પરીક્ષાખંડ છોડયા પહેલા તેમનું પ્રશ્નપત્ર ફરજિયાત પણે જમા કરાવવાનું રહેશે.

(૧૭) ધુમ્રપાન અને ચા અથવા કોફી જોવા કોઈપણ પ્રકારનાં પીણા પરીક્ષાખંડમાં નિષેધ છે.

(૧૮) જો કોઈપણ ઉમેદવાર કોઈપણ પ્રકારની ગેરરીતિ કરતાં પકડાશે તો ભવિષ્યમાં લેવામાં આવનારી કોઈપણ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૯) દરેક ઉમેદવારે પરીક્ષાખંડમાં હોલટીકીટ સાથે પ્રવેશવાનું રહેશે.

(૨૦) ઉમેદવારે પરીક્ષાખંડમાં અપાતી દરેક સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) પરીક્ષાનાં એક અઠવાડિયા પહેલા અંધ ઉમેદવારે રાઈટર માટે કો.ઓર્ડિનેટરને અરજી કરવી.

(૨૨) ઉમેદવારને કોઈપણ પ્રકારનું TA/DA આપવામાં આવશે નહિ.

(૨૩) પરિણામનું અલગથી ગુણપત્રક કે પ્રમાણપત્રક આપવામાં આવશે નહિ. બહુવિકલ્પ જવાબપત્રકની પુનઃ ચકાસણી થઈ શકશે નહિ.

(૨૪) પરીક્ષાનું પરીણામ યુનિવર્સિટી ની વેબસાઈટ www.ngu.ac.in પર જાહેર કરવામાં આવશે જેથી દરેક ઉમેદવારે યુનિવર્સિટીની વેબસાઈટ જોતા રહેવું.

(૨૫) પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેની બધી જ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in પર મુકવામાં આવશે જેના માટે કોઈપણ પ્રકારનો પત્રાવ્યવહાર કરવામાં આવશે નહિ જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

(૨૬) જો ઉમેદવાર ને માસ્ટર ડિગ્રીમાં ૫૫ % થી ઓછા હશે તો પીએચ.ડી. પ્રવેશપરીક્ષામાં લાયક ગણાશે નહિ. (એસ.સી.,એસ.ટી.,ઓ.બી.સી. માટે ૫૦ % )

(૨૭) એપ્લીકેશન ફોર્મ સંપૂર્ણ વિગતો સાથેનું પ્રિન્ટ કરી તેની સાથે જરૂરી દસ્તાવેજો અને પ્રમાણપત્રો ની ખરી નકલ જોડી રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ દ્વારાજ યુનિવર્સિટી કુલસચિવશ્રી ના નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવું.

**કુલસચિવશ્રી,**
**પી.એચ.ડી. વિભાગ,**
**રૂમ નં : ૭**
**સરદાર પટેલ વહીવટી ભવન,**
**હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.**

અધૂરી વિગતો ભરેલું ફોર્મ ગેરલાયક ઠરાવાવમાં આવશે જેની દરેકે નોંધ લેવી.